સેસન્સ કોર્ટમાં ચાલતા કેસોમાં
ચુકાદાની નકલ મેળવવા.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્ર. પરચ/૧૯૮૯-૭૫૨૮-ડ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- 27/3/89

પરિપત્ર:-

ગાંધીનગર વિભાગના વધારાના મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ સરકારમાં એવી રજુઆત કરેલ છે કે ભુતકાળમાં જીલ્લા પોલીસ અધિકારીઓ ઉપર સેસન્સ કોર્ટમાં આવતા એકવીટલ ચુકાદાઓની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ મોકલતા હતા, જેથી જીલ્લા પોલીસ અધિકારીશ્રી ચકાસણી કરી શકે કે તેવા કેસમાં /૧/ તપાસ અધિકારીએ તપાસ બરાબર કરી હતી કે કેમ /૨/ કોર્ટમાં સરકારી વકીલ તરફથી યોગ્ય રીતે સરકારના કેસની રજુઆત થઇ હતી કે કેમ /૩/ કયા કારણસર સેસન્સ કોર્ટે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓ ગ્રાહય નહોતા રાખ્યા. પરંતુ હવે જીલ્લા મેજીસ્ટ્રેટો તરફથી ચુકાદાઓની નકલ જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓને મોકલવામાં આવતી નથી. સી.આર.પી.સી.ની કલમ ૩૬૫ ની જોગવાઇ જોતા સેસન્સ કોર્ટ પણ ચુકાદાની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મોકલતી નથી પણ માત્ર તારણો તેમજ હુકમની નકલ મોકલે છે. આ સંજોગોમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ તરફથી સરકાર સમક્ષ એવી રજુઆત થઇ છે કે ડી.એસ.પી.ને ચુકાદાની નકલ મળે તે અંગે જરૂર જણાય સી.આર.પી.સી. ની સંબંધિત કલમમાં સુધારો કરવાની કાર્યવાહી સરકારે હાથ ધરવી જોઇએ.

૨.. આ બાબતમાં વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે:-

સંબંધિત જીલ્લા પોલીસ અધિકારીશ્રી/પોલીસ કમિશ્નરશ્રીએ જે સેસન્સ ટ્રાયેબલ કેસમાં આરોપી/આરોપીઓને કોર્ટે નિર્દોષ ઠેરવ્યા હોય અથવા ઓછી સજા કરી હોય તેવા કેસમાં જે તે શહેર જીલ્લાના પબ્લીક પ્રોસીકયુટર/આસીસ્ટન્ટ પ્રોસીકયુટરને આવા ચુકાદાની નકલ તાત્કાલિક

...૨.

મેળવી લેવા લેખિત સુચના આપવી. આ સુચનાના આધારે સંબંધિત સરકારી વકીલશ્રીએ કોર્ટમાં નકલ મેળવવા રજુઆત કરવી અને તેમાં ખાસ નિર્દેશ કરવો કે આ ચુકાદાની હુકમની નકલ અપીલ/રીવીઝન કરવા માટે જરૂરી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
નાયબ સચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અમદાવાદ
તમામ ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ
તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
તમામ નાયબ ~~પોલીસ કમિશ્નરશ્રી~~ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ
તમામ જીલ્લાપોલીસ ~~કમિશ્નરશ્રી~~ અધિકારીશ્રીઓ
તમામ જીલ્લા સરકારી વકીલશ્રીઓ